| | | | | | |
|---|---|---|---|---|---|
| **GJPM010028212022**<br>**GJPM010028222022** | **GJPM010028232022**<br>**GJPM010007372023** | દાખલ તારીખ | ૨૧ | ૧૦ | ૨૦૨૨ |
| | | નોંધણી તારીખ | ૨૧ | ૧૦ | ૨૦૨૨ |
| | | ફેસલ તારીખ | ૨૧ | ૦૩ | ૨૦૨૫ |
| | | | **દિવસ** | **માસ** | **વર્ષ** |
| | | સમય ગાળો | **૦૦** | **૦૫** | **૦૨** |
| | | | | | |

**આંક–**

**FORM-A**

**પંચમહાલ જીલ્લાનાં મહેરબાન પાંચમાં એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.ગોધરા. જી.પંચમહાલ.**

**(શ્રી.પી.એ.માલવીયા,એડીશનલ સેશન્સ જજ)**

**ચુકાદાની તા.૨૧/૦૩/૨૦૨૫**

**સેશન્સ કેસ નંબર–૧૨૯/૨૦૨૨, નં.૧૩૦/૨૦૨૨, તથા**

**સેશન્સ કેસ નં.૧૩૧/૨૦૨૨, નં.૪૯/૨૦૨૩**

(મોરવા(હ) પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી.નં. ૬૧/૨૦૧૭)

| | |
|---|---|
| ફરીયાદી. | સરકારશ્રી |
| REPRESENTED BY | વિ.એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલ. |
| આરોપી<br>**સે.કે.નં.૧૨૯/૨૦૨૨** | **વિજયભાઈ દીપાભાઈ પલાસ,**<br>રહે.આમલી ખજુરીયા, તા.ગરબાડા,જી.દાહોદ. |
| REPRESENTED BY | વિ.વ.શ્રી.જી.પી.ઠાકોર |
| આરોપીઓ<br>**સે.કે.નં.૧૩૦/૨૦૨૨** | **લીલેશભાઈ ભારતભાઈ પલાસ,**<br>રહે. આમલી ખજરીયા, તા.ગરબાડા,જી.દાહોદ. |

| | |
|---|---|
| REPRESENTED BY | આરોપી તરફે વિ.વ.શ્રી. જી.પી.ઠાકોર. |
| આરોપીઓ<br>**સે.કે.નં.૧૩૧/ ૨૦૨૨** | **નં.૧ સુનીલભાઈ જોરસીગભાઈ બારીયા,**<br>રહે. વડવા, મેલા ફળીયુ, તા.ગરબાડા,જી.દાહોદ.<br>**નં.૨ અર્જુનભાઈ નવાભાઈ પલાસ,**<br>**નં.૩ વિનુભાઈ ગલીયાભાઈ પલાસ,**<br>બંને રહે.આંબલી, ખજુરીયા, તા.ગરબાડા,જી.દાહોદ.<br>**નં.૪ શંકરભાઈ હીમસીગભાઈ પરમાર,**<br>રહે. કાંટુ નિશાળ ફળીયુ,તા.ધાનપુર,જી.દાહોદ. |
| REPRESENTED BY | વિ.વ.શ્રી.જી.પી.ઠાકોર. |
| આરોપીઓ<br>**સે.કે.નં.૪૯/૨૦૨૩** | **દીપાભાઈ ઉર્ફે દીલીપભાઈ નાનીયાભાઈ પલાસ,**<br>રહે. આમલી ખજુરીયા,તા.ગરબાડા,જી.દાહોદ. |
| REPRESENTED BY | વિ.વ.શ્રી. જી.પી.ઠાકોર. |

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ. | ૧૭/૧૧/૨૦૧૭ |
| FIR ની તારીખ | ૧૭/૧૧/૨૦૧૭ |
| ચાર્જશીટની તારીખ. | ૧૦/૦૪/૨૦૧૮ |
| ચાર્જ ફ્રેમની તારીખ. | ૦૭/૧૦/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ. | ૨૭/ ૦૨/૨૦૨૪ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે. | -- |
| ચુકાદાની તારીખ. | ૨૧/૦૩/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો. | |
| **<u>આરોપીની માહીતી.</u>** | |

| આરોપી ની રેન્ક. | આરોપીનુ નામ. | ધરપકડની તારીખ. | જામીન પર છુટવાની તારીખ. | ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી. | કલમ 428, Cr.PC ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિજયભાઈ દીપાભાઈ પલાસ, | ૧૪/૧/૧૮ | ૦૪/૦૧/૧૯ | ઈ.પી.કો.ની કલમ – ૩૯૫,૧૨૦(બી) મુજબ. | નિર્દોષ | – | – |
| ૨. | લીલેશભાઈ ભારતભાઈ પલાસ, | ૧૩/૯/૧૮ | ૦૪/૦૧/૧૯ | | '' | | |
| ૩. | સુનીલભાઈ જોરસીગભાઈ બારીયા, | ૨૪/૧૨/૧૮ | ૦૪/૦૧/૧૯ | | '' | | |
| ૪. | અર્જુનભાઈ નવાભાઈ પલાસ, | ૦૧/૦૧/૧૯ | ૧૧/૦૧/૧૯ | | '' | | |
| ૫. | વિનુભાઈ ગલીયાભાઈ પલાસ, | ૦૧/૦૧/૧૯ | ૧૧/૦૨/૧૯ | | '' | | |
| ૬. | શંકરભાઈ હીમસીગભાઈ પરમાર, | ૦૬/૦૨/૧૯ | ૧૮/૦૨/૧૯ | | '' | | |
| ૭. | દીપાભાઈ ઉર્ફે દીલીપભાઈ નાનીયાભાઈ પલાસ, | ૦૨/૦૭/૧૮ | ૨૭/૦૨/૨૩ | | '' | | |

# –: સંયુકત ચુકાદો :–

૧. આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૧૨૦(બી) મુજબનાં ગુનાનાં પોલીસ રીપોર્ટ, અલગ અલગ રીતે તપાસ કરનાર અધિકારી ધ્વારા મોરવા(હ) પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી.નં.૬૧/૨૦૧૭ ના સંદર્ભે, મોરવા(હ)ના વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ રજુ કરતાં સદરહુ કેસ અનુક્રમે ક્રિ.કે.નં.૨૩/૨૦૧૮, ક્રિ.કે.નં.૨૧૩/૨૦૧૮ તથા ક્રિ.કે.નં.૧૪૩/૨૦૧૯ તથા ક્રિ.કે.નં.૧૫૬/૨૦૧૮ થી નોંધાયેલ અને ત્યારબાદ સંબંધીત અદાલત ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૦૯ ની જોગવાઈ મુજબ સદરહુ કેસ મહેરબાન સેશન્સ જજ, ગોધરા,પંચમહાલ નાઓ તરફ કમીટ કરેલ. જેને અનુક્રમે સે.કે.નં.૧૨૯/૨૦૨૨,

સે.કે.નં.૧૩૦/૨૦૨૨, સે.કે.નં.૧૩૧/૨૦૨૨ તથા સે.કે.નં.૪૯/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૪ મુજબ અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે. આમ, હાલના કામના આરોપીઓ સામે ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૧૨૦(બી) મુજબના શીક્ષા પાત્ર ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૨.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તથા અન્ય સહઆરોપીઓએ ભેગા મળી ફરીયાદીના ઘરે ધાડ પાડવાનુ ગુનાહીત કાવતરુ રચી તા.૧૭/૧૧/૨૦૧૭ ના કલાક ૨.૩૦ વાગ્યાના સુમારે મોજે વેજમા ગામે ફરીયાદીના ઘરે હાથમા ડંડાઓ લઈ આવી ઘરના પાછળના ભાગે ઘર ઉપર ચડી તથા પતરા તોડી ઘરમા ઉતરી ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકીઓ આપી ફરીયાદીને કપાળના ભાગે ઈજા કરી ઘરની પાછળના ભાગે રૂમમાં મુકેલ તિજોરી તોડી તેમા મુકી રાખેલ સોના ચાંદીના દર દાગીના તથા રોકડ રૂપીયા મળી કુલ રૂ.૯૮,૭૦૦ /–ની મત્તાની ધાડ પાડી લુંટ કરી નાસી જઈ અને લુંટના રૂપીયા સરખે ભોગે વહેચી આપી અને મો.સા. નં. જી.જે.૬–સી.આર.૭૬૧૮ તથા મો.સા. નં. જી.જે. ૭–બી.ઈ.૩૨૨૨ ઉપર બેસી ભાગી જઈ ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૧૨૦(બી) મુજબનો ગુનો કરેલ છે.

**પોલીસ કાર્યવાહી :–**

**૩.** આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૧૨૦(બી) મુજબનાં ગુના અંગેનો પૂરાવો મળી આવતા, આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેનાં વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી, મોરવા(હ), પંચમહાલ સમક્ષ ચાર્જશીટ તથા પુરવણી ચાર્જશીટ રજૂ કરેલ, જેને ફોજદારી કેસ તરીકે અનુક્રમે ક્રિ.કે.નં.૨૩/૨૦૧૮, ક્રિ.કે.નં. ૨૧૩/૨૦૧૮ તથા ક્રિ.કે.નં.૧૪૩/૨૦૧૯ તથા ક્રિ.કે.નં.૧૫૬/૨૦૧૮ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**કોર્ટ કાર્યવાહી :–**

૪. આરોપીઓ વિરુધ્ધના ઉપરોકત ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવા પાત્ર હોઈ, મોરવા(હ)ના વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપી ઓને વિના મૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબધે આરોપીઓ ના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ– ૨૦૯ અન્વયે આ કેસ અનુક્રમે તા.૧૧/૧૦/૨૦૨૨, તા.૨૬/૯/૨૦૨૨, તા.૨૬/૯/૨૦૨૨ તથા તા.૨૭/૨/૨૦૨૩ ના હુકમથી ગોધરા સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવેલ, જેને અનુક્રમે સે.કે.નં.૧૨૯/૨૦૨૨ ને તા.૨૧/ ૧૦/૨૦૨૨ તથા સે.કે.નં.૧૩૦/૨૦૨૨ ને તા.૨૧/૧૦/૨૦૨૨ તથા સે.કે.નં.૧૩૧/૨૦૨૨ ને તા.૨૧/૧૦/૨૦૨૨ તથા સે.કે.નં.૪૯/૨૦૨૩ ને તા.૯/૩/૨૦૨૩ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યારબાદ સદરહું કેસ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની કોર્ટને સુપ્રત કરવામાં આવેલ છે.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૬ મુજબ હાલનાં કેસોને ઓપન કરવામાં આવેલ. વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓના વિ.વ.શ્રીની રજુઆતોને ઘ્યાને લઈ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.ની કલમ– ૩૯૫, ૧૨૦(બી), મુજબના ગુના સબબ તહોમતનામુ ફરમાવવા માટે પુરતા કારણો જણાતા હોય ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૨૮(૧)(બી) અન્વયે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે તા.૭/૧૦/૨૦૨૩ ના રોજ સે.કે. નં.૧૨૯ / ૨૦૨૨ ના કામે આંક–૮ થી તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી,સંભળાવી આંક–૯ થી નિવેદન લેવામાં આવેલ છે તથા સે.કે.નં.૧૩૦/૨૦૨૨ ના કામે આંક–૪ થી તહોમનામુ ફરમાવી આરોપીને વાંચી, સંભળાવી આંક–૫ થી નિવેદન લેવામાં આવેલ છે તથા તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજ સે.કે.નં.૧૩૧/૨૦૨૨ ના કામે આંક–૧૮ થી તહોમતનામુ ફરમાવી આરોપીઓને વાંચી, સંભળાવી આંક–૧૯, ૨૧, ૨૨, ૨૩ થી નિવેદન લેવામા આવેલ છે તથા તા.૭/૧૦/૨૦૨૩ ના

રોજ સે.કે.નં. ૪૯/૨૦૨૩ ના કામે આંક–૫ થી તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી આંક–૬ થી નિવેદન ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૮(૨) મુજબ તેઓનુ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમને ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાની સામે ટ્રાયલ ચલાવવા માંગણી કરેલી. જેથી ફરીયાદપક્ષનો તેમના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ છે.

**૫.** આ કામમાં આરોપીઓ સામેનાં ચારેય કેસો એકજ ગુના તથા બનાવમાંથી ઉત્પન્ન થયેલ હોય જેથી સે.કે.નં.૧૨૯/૨૦૨૨ ના કામે વિ.એ.પી.પી.શ્રી.એ ચારેય કેસો એકી સાથે કોન્સોલીટેડ કરી ચલાવવા અરજી આપતા તે સંદર્ભે બંને પક્ષોને સાંભળીને તમામ કાર્યવાહી તથા પુરાવો નોંધવા સહીતની કાર્યવાહી મુળ સેશન્સ કેસ નં.૧૨૯/૨૦૨૨ ના કામમાં ચલાવવાનો હુકમ કરેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા :–**

**૬.** ફરિયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ ની જોગવાઈ મુજબ નીચે દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

FORM-C

**<u>પ્રોસિકયુશન/ડિફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી.</u>**

**<u>A. પ્રોસિકયુશન :</u>**

| રેન્ક | આંક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|---|
| PW-1 | 14 | બાબુભાઈ હરીભાઈ પટેલ. | પંચ સાક્ષી. |
| PW-2 | 17 | જગદીશભાઈ શંકરભાઈ બારીયા. | પંચ સાક્ષી. |

| | | | |
|---|---|---|---|
| PW-3 | 18 | જશવંતભાઈ પ્રતાપભાઈ બારીયા. | પંચ સાક્ષી. |
| PW-4 | 20 | પંકજકુમાર બલુભાઈ બારીયા. | પંચ સાક્ષી. |
| PW-5 | 22 | રમણભાઈ બળવંતભાઈ બારીયા. | પંચ સાક્ષી. |
| PW-6 | 26 | શંકરભાઈ રતનાભાઈ બારીયા. | પંચ સાક્ષી. |
| PW-7 | 28 | હીતેશકુમાર ચંદુભાઈ ખાંટ. | ફરીયાદી. |
| PW-8 | 31 | મનીષાબેન નાનસિંહ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-9 | 35 | આરતસિંહ બળવંતભાઈ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-10 | 36 | લીલાબેન આરતસિંહ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-11 | 37 | સુરેખાબેન રમેશભાઈ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-12 | 38 | રાજેશકુમાર નાનુસિંહ બારીયા. | અન્ય સાક્ષી. |
| PW-13 | 41 | ભાનુબેન રવીન્દ્રભાઈ પટેલ. | અન્ય સાક્ષી. |
| PW-14 | 42 | રવીન્દ્રભાઈ ભારતભાઈ પટેલ. | અન્ય સાક્ષી. |
| PW-15 | 44 | શંકરભાઈ સવસીગભાઈ પલાસ. | પોલીસ સાક્ષી. |
| PW-16 | 47 | રાકેશકુમાર ડાહ્યાભાઈ ભરવાડ. | પોલીસ સાક્ષી.(ત.ક.અ.) |
| PW-17 | 61 | જેસુભાઈ નાથાભાઈ પરમાર. | પોલીસ સાક્ષી.(ત.ક.અ.) |

## પ્રોસિકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સૂચિ.

**A. પ્રોસિકયુશન :**

| અનુ.નંબર | આંક | વિગત. |
|---|---|---|
| 1. | 15,16 | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ તથા ઓળખ પરેડના પંચનામાની નકલ. |
| 2. | 21 | મો.સા.કબજે કર્યાનુ પંચનામુ. |
| 3. | 23,24, | આરોપીને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ, કલમ-૨૭ મુજબનુ પંચનામુ, |
| 2. | 25 | પંચોની સહીવાળી કાપલી. |

| | | |
|---|---|---|
| 3. | 29 | ફરીયાદ. |
| 4. | 45,46 | ડેપ્યુટ યાદી, સુચીપત્ર. |
| 5. | 48 | સ્થળ તપાસણી અહેવાલ. |
| 6. | 49 | ફીંગર પ્રીન્ટ એકસપર્ટનો અહેવાલ. |
| 7. | 50,51 | યાદીઓ. |
| 8. | 52,53 | દાગીના ચેક કરાવી તે અંગે ખરાઈ કરી કીમત અંગેનુ લખાણ, વાહન નં. જી.જે.૧૭–બી.ઈ.૩૨૨૨ નો ઈ–ગુજકોપનો રીપોર્ટ. |
| 9. | 54 | કલમ–૧૨૦(બી) ના ઉમેરાની યાદી. |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| DW-1 | -- | -- |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, નિષ્ણાંત સાક્ષી, તબીબી સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી) |
|---|---|---|
| CW-1 | -- | -- |

**B. બચાવપક્ષ :**

| અનુ.નં. | આંક | વિગત. |
|---|---|---|
| - | - | – |

**C. કોર્ટથી આંક :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1. આંક___C-1/CW 1 | -- | -- |

**D. મટેરીયલ ઓબ્જેકટસ.**

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેકટસ નંબર | વિગત |
|---|---|---|
| ૧. | ૧. | મો.સા.નં.જી.જે.૭–બી.ઈ.૩૨૨૨ |
| ૨. | ૨. | મો.સા.નં.જી.જે.૬–સી.આર.૭૬૧૮ |
| ૩. | ૩. | સોનાની ચેઈન. |
| ૪. | ૪. | ચંપલની જોડ. |
| ૫. | ૫. | સેન્ડલની જોડ. |
| ૬. | ૬. | ચંપલની જોડ. |
| ૭. | ૭. | ચંપલની જોડ. |
| ૮. | ૮. | ચંપલની જોડ. |

**૭.** ફરિયાદપક્ષનો પુરાવો નોંધી લીધા બાદ તેઓનો પુરાવો આંક–૬૨ થી રજુ થયેલ પુરાવા બંધની પુરસીસ આધારે પુરાવો બંધ કરી, સદરહું કેસમાં હાજર આરોપીઓનું ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનુ નિવેદન નોંધી લેવામાં આવેલ. જેમા સદર આરોપી ઓએ વિશેષમાં જણાવેલ છે કે, પુરતો પુરાવો ન હોવા છતાં માત્ર સારી કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ છે. આવો કોઈ ગુનો કરેલ નથી. એમ જણાવી ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે. પરંતુ, આરોપીઓ તરફે તેઓના બચાવમાં કોઈ સાક્ષીઓ તપાસવા નથી એમ જાહેર કરતાં, તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલ અને સદરહું કેસ આખરી દલીલોની સુનાવણી માટે રાખવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફે દલીલ :–**

૮. ત્યારબાદ આ કામમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૪ મુજબ દલીલો સાંભળવામાં આવેલ. ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.આર.ડી.શુકલ નાઓએ તેઓની દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત કરી છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ તહોમતનામા અનુસંધાને મૌખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્વારા તે મુજબનુ કૃત્ય બન્યાનું આરોપીઓ સામે પુરવાર કરેલ હોય તેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવાની રજુઆત કરી રહયા છે.

**બચાવપક્ષ તરફેની દલીલ :–**

૯. આ કામે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી. નાઓએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષે આરોપીઓ સામેનુ ચાર્જશીટ સહઆરોપીના નિવેદનના આધારે તેઓને આ ગુનામાં સંડોવી રજુ કરવામાં આવેલો છે. આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચો, ઓળખ પરેડના પંચનામાના પંચો અને ડીસ્કવરી પંચનામાના પંચો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા નથી તેમજ ફરીયાદી તથા ઈજાપામનાર સાહેદો તેમજ ભોગબનનાર સાહેદ વીગેરે નાઓની સોગંદપર જુબાની થયેલી છે અને તે જુબાની તથા તે પુરાવો ધ્યાને લેવામા આવે તો પણ લુંટમાં આ કામના આરોપીઓની કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સંડોવણી તથા ઓળખ, સાક્ષી પુરાવા ધ્વારા ફલીત થતી નથી. કોઈ આરોપીના સ્ટેટમેન્ટના આધાર સિવાય આરોપીને સદરહુ ગુનાના સંદર્ભે બાબતે લેક્ષ માત્ર પુરાવો ફરીયાદપક્ષ પુરાવાના કામે રજુ કરી શકેલ નથી. ત્યારે તેવા સંજોગોમાં માત્ર ત.ક.અ.શ્રીએ આરોપીઓને અટક કર્યો હોય અને તે આધારે ચાર્જશીટ થયુ હોય તે માત્રથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી અને તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાની રજુઆત કરી રહયા છે.

૧૦. ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ કરેલ દલીલ, બચાવપક્ષ તરફેના વિ.વ. શ્રીએ કરેલ દલીલ તથા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે તથા ધ્યાને લેતા આ કામે આરોપીઓ સામેના તહોમતનામાનાં અનુસંધાને નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## – : મુદ્દાઓ : –

| | |
|---|---|
| **૧.** | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ તથા અન્ય સહઆરોપીઓએ ભેગા મળી ફરીયાદીના ઘરે ઘાડ પાડવાનુ ગુનાહીત કાવતરુ રચી તા.૧૭/૧૧/૨૦૧૭ ના કલાક ૨.૩૦ વાગ્યાના સુમારે મોજે વેજમા ગામે ફરીયાદીના ઘરે હાથમા ડંડાઓ લઈ આવી ઘરના પાછળના ભાગે ઘર ઉપર ચડી તથા પતરા તોડી ઘરમા ઉતરી ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકીઓ આપી ફરીયાદીને કપાળના ભાગે ઈજા કરી ઘરની પાછળના ભાગે રૂમમાં મુકેલ તિજોરી તોડી તેમા મુકી રાખેલ સોના ચાંદીના દર દાગીના તથા રોકડ રૂપીયા મળી કુલ રૂા.૯૮,૭૦૦/–ની મત્તાની ઘાડ પાડી લુંટ કરી નાસી જઈ અને લુંટના રૂપીયા સરખે ભોગે વહેચી આપી અને મો.સા. નં. જી.જે.૬– સી.આર. ૭૬૧૮ તથા મો.સા.નં.જી.જે.૭–બી.ઈ.૩૨૨૨ ઉપર બેસી ભાગી જઈ ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૧૨૦(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| **૨.** | શું હુકમ ? |

**૧૧.** ઉપરોકત મુદ્દાના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| **૧.** | નકારમાં. |
| **૨.** | આખરી હુકમ મુજબ. |

## નિર્ણય અંગેના કારણો :–

**૧૨.** આ કામના આરોપી સામે હાલનો સેશન્સ કેસ હોઈ જેથી ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો મુજબ તેમજ તે સંદર્ભે લાગુ પડતા સાબીતીના ધોરણો અન્વયે ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો પડે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપો

પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતો નથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. ફોજદારી કેસની ટ્રાયલ દરમ્યાન આરોપીએ સંપૂર્ણ રીતે ચુપ રહેવાનો અધિકાર છે અને આરોપીના મૌનને કારણે કોઈ વિરુધ્ધનુ અનુમાન કરી શકાય નહી.

આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષના '' **કાલીરામ વિ. સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ''(૧૯૭૩)(૨)એસસીસી પાન નં. ૮૦૮** ના ચુકાદામાં જે પાયાનાં મુળભુત સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લેવા જરુરી છે. તેમાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, ફોજદારી કેસમાં જે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ હોય તે નિર્દોષ છે તેવુ અનુમાન કરવાનુ હોય છે અને જયાં સુધી તે અનુમાનનુ ફરીયાદપક્ષ પુરાવા રજુ કરીને ખંડન ન કરે ત્યાં સુધી તે અનુમાન ચાલુ રહે છે. આરોપી તકસીરવાન છે તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે અને જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેનો બોજો પૂર્ણ ન કરે ત્યાં સુધી કોર્ટ આરોપીને તકસીર વાન ઠરાવી શકે નહિં. વધુમાં કોઈ ખાસ પ્રકારના કેસમાં કોઈ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ અનુસંધાને આરોપીએ અપરાધ કરેલ છે તેવુ અનુમાન કરવાની જોગવાઈ હોય તો પણ તેવા કીસ્સામાં જયાં સુધી ફરીયાદપક્ષ તે સંદર્ભેની પ્રાથમીક હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી તેવુ અનુમાન કરી શકાય નહિં. વધુમાં જો ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરે ત્યાર બાદ આરોપી વિરુધ્ધનુ અનુમાન શરુ થાય છે અને આરોપીએ તે અનુમાનને ખંડન કરતો પુરાવો રજુ કરવાનો હોય છે. આરોપી ઉપર પણ તે હકીકતોનુ ખંડન કરતો પુરાવો રજુ કરવા સંદર્ભે સાબીતીનુ ધોરણ પ્રબળતાની સંભવિતતાના સિધ્ધાંતો મુજબનુ હોય છે.

**મુદ્દા નં. ૧ :–**

**૧૩.** હવે આ કામમાં ફરીયાદપક્ષનો જે કેસ છે તે મુજબ આરોપીઓ સામે નીચે મુજબની હકીકતો ફરીયાદપક્ષે પુરવાર કરવાની થાય છે.

- આ કામના આરોપીઓ તથા અન્ય સહઆરોપીઓએ ભેગા મળી ફરીયાદીના ઘરે ધાડ પાડવાનુ ગુનાહીત કાવતરુ રચેલ છે.
- અને તેના ભાગરૂપે તા.૧૭/૧૧/૨૦૧૭ ના કલાક ૨.૩૦ વાગ્યાના સુમારે મોજે વેજમા ગામે ફરીયાદીના ઘરે હાથમા ડંડાઓ લઈ આવી ધાડ પાડેલ છે.
- ઘરના પાછળના ભાગે ઘર ઉપર ચડી તથા પતરા તોડી ઘરમા ઉતરી ફરીયાદી તથા સાહેદોને ધાક ધમકીઓ આપી ફરીયાદીને કપાળના ભાગે ઈજા કરેલ છે.
- ઘરની પાછળના ભાગે રૂમમાં મુકેલ તિજોરી તોડી તેમા મુકી રાખેલ સોના ચાંદીના દર દાગીના તથા રોકડ રૂપીયા મળી કુલ રૂ.૯૮,૭૦૦ /–ની મત્તાની ધાડ પાડી લુંટ કરી નાસી ગયેલ છે.
- લુંટના રૂપીયા સરખે ભોગે વહેચેલ છે.
- મો.સા. નં. જી.જે.૬–સી.આર.૭૬૧૮ તથા મો.સા. નં. જી.જે. ૭– બી.ઈ.૩૨૨૨ ઉપર બેસી ભાગી જઈ ઈ.પી.કો.ની કલમ–૩૯૫, ૧૨૦(બી) મુજબનો ગુનો કરેલ છે.

**૧૪.** ઉપરોકત હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફથી જે પુરાવો રજુ થયેલ છે તેની ચર્ચા કરવામાં આવે તો આ કામમાં ફરીયાદપક્ષ દ્વારા કુલ મળીને ૧૭ સાક્ષીઓ તપાસેલા છે અને જુદા જુદા દસ્તાવેજો રજુ કરેલ છે. આ પૈકી ઉપરોકત હકીકત પુરવાર કરવામાં જે મહત્વના સાહેદો છે અને તેઓને ત્યાં લુંટ થયેલા તે સાહેદો પૈકી ફરીયાદપક્ષ તરફે સાહેદ **ફરીયાદી હીતેશકુમાર ચંદુભાઈ ખાંટને આંક–૨૮ થી સાહેદ નં.૭ તરીકે** સોગંદપરનાં પુરાવામાં જણાવે છે કે, બનાવના સમયે વેજમા મુકામે પરીવાર સાથે રહેતો હતો અને બનાવ સને ૨૦૧૭ની સાલમા બનેલો. તે વખતે માતા પિતા અને બંને બહેનો તથા પત્નિ છોકરાઓ ઘરે હાજર હતા. બનાવ રાત્રે બે વાગ્યાની આસ–પાસ બનેલો તે વખતે બધા ઘરમાં સુતા હતા. તે વખતે બે માણસો ઘરમા ચઢેલા અને ઘરના નાળીયા ખોલેલા અને બે માણસો બહાર ઉભા હતા અને ધાક–ધમકીઓ આપતા હતા. તે સમયે નાની બેને બુમાબુમ કરતા તેઓ જાગી ગયેલા.

ચોર લોકોએ તેમના ઉપર નળીયા માથા ઉપર મારેલ હતા. ત્યારબાદ ચોર લોકો ઘરમાં પ્રવેશી ગયેલ હતા અને તે વખતે તેઓ બીજા રૂમમાં ભાગી ગયેલ હતા. તેમને માથામા તથા ચહેરા ઉપર વાગેલ હતુ અને તે લોકો ગાળો બોલતા હતા બીજુ શું બોલતા હતા તે હાલ યાદ નથી. જે લોકો ઘરમાં આવેલ હતા તેઓએ મોઢા ઉપર કપડુ બાંધેલ હતુ. તેઓએ ઘરમાં આવી તિજોરીમાંથી બહેનના લગ્ન માટે રાખેલ સોનાની ચેઈન તથા પિતુ હતુ તે લઈ ગયેલ હતા સોનાની ચેઈન તથા પિતુ ૧૨ થી ૧૪ ગ્રામનું હતુ. તિજોરીમાંથી રોકડ રકમ પણ લઈ ગયેલ હતા તે રકમ કેટલી હતી તે હાલ યાદ નથી. આ ચોર લોકોને જોયેલ હતા પરંતુ તે ઓળખાયેલ ન હતા. આ બનાવને ઘણો સમય થયેલ હોય જેથી હાલમાં ચોર લોકોને ઓળખી શકે તેમ નથી. આ અંગે આંક–૨૯ થી રજુ ફરીયાદ પોલીસમાં આપેલી તેમા તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, ફરીયાદ આપ્યા બાદ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી અને ઓળખ પરેડની કાર્યવાહી કરવા માટે મોરવા(હ) મામલતદાર કચેરીએ ગયેલ હતો. ત્યાં ચોર લોકોને ઓળખવાના હતા અને બનાવ વખતે ૧ ચોરને જોયેલ તેને ઓળખી બતાવેલ હતો. જેને ઓળખી બતાવેલ તે માણસનું નામ યાદ નથી અને તે બનાવને સાત વર્ષ જેટલો સમય થયેલ હોય જેથી તે વ્યકિત કોર્ટમાં હાજર હોય તો તેને ઓળખી શકે તેમજ નથી અને ચોરાયેલ મુદ્દામાલ મળેલ નથી તેવુ કથન કરેલ છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે. ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ રાત્રીના સમયે બનેલ હતો અને ફરીયાદમાં એક વ્યકિતને જોયેલ હોય અને તેનુ મોઢુ ખુલ્લુ હોય તેવુ લખાવેલ છે, તેઓ ચોર લોકોને જોયેથી ઓળખી શકે, મામલતદાર કચેરી ખાતે જે ઓળખપરેડ થયેલ હતી તે માટે પોલીસે તેમને ફોન કરીને બોલાવેલ હતો. તે સિવાય અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

**૧૫.** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૧ થી સાહેદ નં.૮ મનીષાબેન નાનસિંહ બારીયાને** સોંગદપર તપાસેલા છે. તેઓએ જણાવેલ છે કે, બનાવના અરસામાં તેઓ વેજમા ગામે બારીયા ફળીયામાં પરીવાર સાથે રહેતી હતી. બનાવ આશરે છ સાત વર્ષ પહેલા સાંજે સાત

વાગે બનેલો અને તે વખતે તેઓ અને તેમના પિતા, ભાનુબેન તથા બનેવી રવીન્દ્રભાઈ ઘરે જમી પરવારીને ઓસરીમાં સુઈ ગયેલા તે વખતે છ થી સાત જણા આવેલા અને તે લોકોએ પથ્થરમારો કરેલો અને તે લોકો કહેતા હતા કે, ''બુમ પાડશો તો મારી નાંખીશુ.'' આ લોકોએ ઘરે આવીને કાંઈ કરેલુ નહી પરંતુ ચંદુભાઈ ફતેસિંહની સસ્તા અનાજની દુકાને આ લોકોએ મારઝુડ કરેલી પરંતુ આ લોકો લુંટમાં શું વસ્તુ લઈ ગયેલા તેની તેમને ખબર નથી. બનાવમાં પગમાં પથ્થર વાગેલો. જે બાબતે દવાખાને દવા સારવાર કરાવેલી. આ ચોર લોકોએ મોઢે કપડુ બાંધેલુ હતુ અને ચોર લોકોએ બીજે કયાય લુંટ કરેલી હોય તેની તેમને ખબર નથી. આરોપીને જોયેથી ઓળખી શકે નહી તેવુ કથન કરેલ છે.

આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ રાત્રીના સમયે બનેલો હતો, તે સમયે તેણી તેમના ઘરે હતી જેથી બનાવ કેવી રીતે બનેલો તેની તેમને સંપુર્ણ જાતી માહીતી નથી, કહેવાતા ચોર લોકોએ મોઢે કપડુ બાંધેલુ હોય તેથી તે કોણ હતા અને કયાંનાં હતા તે ઓળખી શકેલી નહી અને તે કહી શકે નહી.

૧૬. ફરીયાદપક્ષે **આંક–૩૮ થી સાહેદ નં.૧૨ તરીકે રાજેશકુમાર નાનુસિંહ બારીયા ને તથા આંક–૪૧ થી સાહેદ નં.૧૩ ભાનુબેન રવીન્દ્રભાઈ પટેલને તથા આંક–૪૨ થી સાહેદ નં.૧૪ તરીકે રવીન્દ્રભાઈ ભારતભાઈ પટેલને** સોંગદપર તપાસેલા છે. તેઓએ પોત પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બનાવના અરસામાં વેજમા બારીયા ફળીયામાં તેમના પરીવાર સાથે રહેતો હતો અને તેના ઘરની બાજુમાં ચંદુભાઈ ફતેસિંહ નાઓની સસ્તા અનાજની દુકાન આવેલી છે. બનાવ સને ૨૦૧૭ માં બનેલો. તે વખતે તેઓ તેમના પિતાજી નાનસીંગભાઈ અને બેન ભાનુબેન તથા મનીષાબેન તથા બનેવી રવીન્દ્રભાઈ એ રીતેના ઘરે જમી પરવારીને ઓસરીમા સુઈ ગયેલા. રાતના આશરે બે અઢી વાગ્યાના સુમારે ઘરની બાજુમાં રહેતા ચંદુભાઈ શેઠના ઘરે બુમાબુમ થતા જાગી ગયેલા અને જોયેલ તો બે માણસો કાળા કપડા પહેરેલ અને મોઢે કાળુ કપડુ બાંધી ઘરની આગળ ઉભા હતા અને તેઓને ''ઘરની બહાર નીકળતા નહી

ઘરની અંદર પાછા જતા રહો અને સુઈ જાઓ બુમાબુમ કરશો તો માર પડશે.'' તેવી વાત કરી ગાળો બોલતા હતા. જેથી બીક લાગતા ઘરમાં પાછા આવતા રહેલા અને ઘરની બહાર નીકળવાનો પ્રયત્ન કરતા આ અજાણ્યા ચોર ઈસમોએ તેઓને પથ્થરો અને ઈંટો મારતા હતા. તેમાંની એક ઈંટનો ટુકડો નાની બેન મનીષાબેનને ડાબા પગે નળાના ભાગે વાગી ગયેલો. આ ચોર ઈસમો આદીવાસી અને સ્થાનીક ભાષામાં ગંદી ગાળો બોલતા હોય ''અમારી ચાંદી લાવેલા હે ઘરમાંથી બધુ કાઢી લઈને ઘર સળગાવી દેવાનુ હે.'' તેવુ કહેતા હતા. તેવામાં પોલીસની ગાડી તથા આજુબાજુના માણસો આવી જતા છ થી સાત જેટલા અજાણ્યા ચોર ઈસમો ચંદુભાઈના ઘર બાજુથી ભાગતા જોયેલા અને જોયેલ તો તેમના ઘરના નળીયા તુટેલા હતા અને ઘરના બધા માણસો ડરેલા હતા. ચંદુભાઈ શેઠના છોકરા હીતેશકુમારને કપાળના ભાગે ઈજા થયેલી હતી અને પાછલા ખંડમાં જઈને જોતા તીજોરી તુટેલી હતી અને કપડા વેરણ છેરણ હાલતમાં પડેલા હતા. બનાવ અંગે ચંદુભાઈ શેઠના છોકરા હીતેશને પુછતા હીતેશે બનાવ કઈ રીતે બનેલો તેની સંપુર્ણ જાણ કરેલી. આ ચોર લોકો કોણ હતા તેઓને ઓળખી શકે નહી.

આ સાહેદોની બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે. ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ રાત્રીના સમયે અંધારામાં બનેલો હતો અને બનાવ સમયે તેઓ તેમના ઘરમાં ઉંઘતો હતો અને બનાવ વખતે ચોર લુંટારુઓએ મોઢા પર કાળુ કપડુ પહેરેલુ હોય તેઓ કોઈને જોઈ શકેલ ન હતો, ચંદુભાઈના છોકરા હીતેશે તેમને કોઈ વાત કરેલી ન હતી.

આમ, સદરહુ ફરીયાદી તથા તેમની દિકરી મનીષાબેન કે જેઓ બનાવમાં બંને ભોગબનનાર સાહેદો છે તેમજ અન્ય સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓએ બનાવ સમયે જે હકીકત બનેલ છે તે અંગે જણાવે છે તેમજ ફરીયાદીની નાની બેને બુમાબુમ કરતા તેઓ જાગી ગયેલા જેથી ચોર લોકોએ ફરીયાદીના માથા ઉપર નળીયા મારેલ અને ચોર લોકો ઘરમા પ્રવેશી ગયેલા જેથી તેઓ બીજા રૂમમાં ભાગી ગયેલા અને તેમને ચહેરા તથા માથામા વાગેલ હતુ. વધુમાં એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, ફરીયાદવાળો બનાવ રાત્રીએ બનેલો

અને તે વખતે અંધારુ હોય તેમણે ચોર ઈસમોને ઓળખેલા નહી અને બનાવ કેવી રીતે બનેલો તેની તેમને સંપુર્ણ જાત માહીતી નથી અને કહેવાતા ચોર લોકોએ મોઢે કપડુ બાંધેલ હોય તેથી તે કોણ હતા અને કયાંના હતા તે તેઓ ઓળખી શકે નહી તેવુ કબુલ કરેલ છે. વધુમા એ હકીકત સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, તેમના ઘરે ચોરી થયેલ તે ઈસમો પકડાયા બાદ પોલીસે તેઓને કોઈ ઓળખ પરેડ કરાવેલી નહી તેમજ રાતનો સમય હોઈ ચોર કોણ હતા તેની ખબર પડેલ નહીં. આમ, આ સાહેદો બનાવ અંગે જણાવે છે પરંતુ બનાવમાં હાલના આરોપીઓ લુંટ કરવામાં સામેલ હતા અને તે કૃત્ય હાલના આરોપીઓએ કરેલ છે તે અંગે તેઓ જણાવતા ના હોય તેઓના પુરાવા આધારે આરોપીઓ સામેનો લુંટનો આક્ષેપ નિ:શંકપણે પુરવાર થતો નથી.

**૧૭.** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૫ થી સાહેદ નં.૯ તરીકે આરતસિંહ બળવંત ભાઈ બારીયાને તથા આંક–૩૬ થી સાહેદ નં.૧૦ તરીકે લીલાબેન આરતસિંહ બારીયા ને તથા આંક–૩૭ થી સાહેદ નં.૧૧ તરીકે સુરેખાબેન રમેશભાઈ બારીયાને** સોંગદપરના પોત પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવ આશરે સાતેક વર્ષ પહેલા રાત્રે બે અઢી વાગે ઘરની બાજુમાં ચંદુભાઈ શેઠના ઘરમાં બુમાબુમ થતા તેઓ અને પત્ની લીલાબેન જાગી ગયેલા અને બહાર નીકળીને તેમના ઘર તરફ જવાના હતા ત્યારે એક માણસ કાળા કપડા પહેરેલ અને મોઢાના ભાગે કાળા કલરનુ કપડુ બાંધેલ હાલતમાં આવેલો અને અમને કહેલ કે, ''પાછા જતા રહો સુઈ જાઓ બુમાબુમ કરશો તો માર પડશે.'' તેથી અમને બીક લાગતા અમે ઘરે પાછા આવતા રહેલા. ત્યારબાદ વધુ બુમાબુમ થતા તેઓ અને પત્ની બહાર નીકળેલા અને જોયેલ તો, ચારથી પાંચ જેટલા ઈસમો મોઢા ઉપર કાળા કલરનુ કપડા બાંધેલ ઘરની બાજુના ઘર તરફ ઉભા હતા અને તેઓએ ઈંટોના ટુકડા ઘરના આંગણામાં નાંખેલા તેવામાં પોલીસની ગાડી તથા આજુબાજુના માણસો આવી જતા આ ઈસમો ચંદુભાઈ શેઠના ઘરેથી ભાગતા જોયેલા. આ ઈસમો આદીવાસી ભાષા બોલતા હતા પછી અમે ચંદુભાઈ શેઠના ઘરે જોઈને જોયેલ તો તેમના ઘરના તળીયે નળીયા પડેલા હતા, ઘરની પાછળના ખંડ ઉપર નળીયા તથા વળીઓ તુટેલી હતી

અને તેમના ઘરના બધા માણસો ડરેલા હતા. ચંદુભાઈના છોકરા હીતેશને કપાળે વાગેલુ હતુ અને લોહી નીકળેલુ હતુ. રસોડા રુમમાં તીજોરી તુટેલી હતી. કપડા વેરણ છેરણ હતા. ચંદુભાઈના છોકરા હીતેશને પુછતાં, તેણે કહેલ કે, ''રાત્રે જમી પરવારી મારી બહેન મનીષા તથા ઘર્મિષ્ઠા ઘરના પાછળના રુમમાં સુઈ ગયેલા અને દુકાનવાળા રુમમાં માતા સુઈ ગયેલી ઓસરીમાં પિતા સુઈ ગયેલા અને દુકાનના દરવાજો બંધ કરી બાજુમાં આવેલ રુમમાં પત્ની તથા બાળકો સાથે સુઈ ગયેલો તે પછી રાત્રે અઢીએક વાગે ઘરના રસોડા રુમની ઉપરના ભાગે આવેલ નળીયા અને પતરા તોડવાનો અવાજ આવતા જાગી ગયેલો અને બહેન મનીષા અને ઘર્મિષ્ઠાબેનનો બુમો પાડવાનો અવાજ આવતા બહાર નીકળેલો અને જોયેલ તો ત્રણ થી ચાર જેટલા ઈસમો હાથમાં દંડા તથા પથ્થરો લઈ ઘરની ઉપર ઉભા હતા. જેથી દુકાનના ભાગે ઘુસી ગયેલો અને ઘરના માણસોને ભેગા કરી લીધેલા દરમ્યાન આ ઈસમોને જોયેલ તો તેઓએ મોઢાના ભાગે કાળા કલરનુ કપડુ બાંધેલુ હતુ અને વીસથી ત્રીસ વર્ષની ઉંમરના જણાતા હતા અમે બુમાબુમ કરતા આ ઈસમો પૈકી કોઈકે તેના હાથમાંનુ નળીયુ તેમને છુટુ મારી દેતા કપાળના ભાગે તથા મોઢાના ભાગે વાગી ગયેલુ. ઘરના આગળના ભાગે બે માણસો મોઢે કાળા જેવા કલરનુ કપડુ બાંધી હાથમાં પથ્થર તથા દંડા લઈને ઉભા હતા અને અમોને મા બેન સમાણી ગાળો બોલી કહેતા હતા કે, બુમો પાડશો નહી નહી તો બધાને મારી નાંખીશુ જે હોય તે આપી દો નહી તો એકેયને જીવતા નહી છોડીએ તેમ કહી રસોડામાં મુકેલ તીજોરી તોડતા હોય તેવો અવાજ આવતો હતો અને રસોડામાં જઈને જોયેલ તો તીજોરીનો દરવાજો તુટેલો હતો અને કપડા વેરણ છેરણ હતા અને તેમાંથી દર દાગીના ચોર ઈસમો લુંટ કરી લઈ ગયેલાનુ જણાયેલુ. તેવામાં નજીક રહેતા રાજેશભાઈ નાનસીંગભાઈ દોડીને આવેલા અને વાત કરેલી કે, તમારા ઘરે બુમાબુમ થતા તોડફોડનો અવાજ આવતા તેઓ બેટરી લઈ ઘર તરફ આવતો હતો તે વખતે બેટરી મારતા તમારા ઘર આગળ ઉભેલ માણસો તેમને પથ્થરો મારવા લાગેલા જેથી ભાગીને આર.સી.સી. રોડ તરફ જતો રહેલો અને નજીક ઝાડીઓમાં છુપાઈ ગયેલો.'' ઉપરોકત સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા

જાહેર કરી પરવાનગી મળતાં ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષની હકીકત સમર્થન પ્રાપ્ત થતું નથી.

આ સાહેદોની બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે. ઉલટ તપાસ જોવામાં આવે તો એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવ રાત્રીના સમયે અંધારામાં બનેલ હતો, બનાવ સમયે તેઓ તેમના ઘરમા ઉઘતા હતા, બનાવ વખતે ચોર લુંટારુઓએ મોઢા પર કાળુ કપડુ પહેરેલુ હાયે તેઓ કોઈને જોઈ શકેલ ન હતા. વધુમાં એ હકીકત કબુલ કરેલ છે કે, ચંદુભાઈના છોકરા હીતશે તેમને કોઈ વાત કરેલ ન હતી.

આમ, ફરીયાદી તેમજ નજરે જોનાર ઉપરોકત તમામ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં ચોરી લુંટનુ કૃત્ય થયેલ હતુ તેવુ જણાવે છે પરંતુ બનાવ સમયે આ કામના આરોપીઓ તેમના ઘરે આવ્યા હોય અને લુંટફાટ કરી હોય અને તેઓને ઈજા કરી હોય તેવી કોઈપણ હકીકતને આ સાહેદોના પુરાવાથી નિ:શંકપણે સમર્થન મળતું નથી. વધુમાં સોગંદપરના પુરાવામાં તેમજ ફરીયાદીની ફરીયાદમાં કોઈ લુટારુના નામ, વર્ણન, કદ, કાઠી કે ચહેરા નિશાન વિગેરે લખાવેલ નથી. આમ, ફરીયાદી તથા નજરે જોનાર ઉપરોકત સાહેદો તેમના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. ફરીયાદી તથા નજરે જોનાર સાહેદનો સમગ્ર પુરાવો જોતાં કહેવાતો લૂંટનો બનાવ બનેલ હોવાનું ફલિત થાય છે પરંતુ આ લૂંટના બનાવમાં હાલના આરોપીઓ સામેલ હોવાનો કોઈ પુરાવો મળી આવતો નથી.

**૧૮.** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૫ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાના તથા આંક–૧૬ થી રજુ ઓળખ પરેડના પંચનામાના પંચ સાહેદ **બાબુભાઈ હરીભાઈ પટેલને આંક–૧૪ થી સાહેદ નં.૧ તરીકે તથા આંક–૧૭ થી સાહેદ નં.૨ તરીકે જગદીશભાઈ શંકરભાઈ બારીયાને તથા આંક–૧૮ થી સાહેદ નં.૩ તરીકે જશવંતભાઈ પ્રતાપભાઈ બારીયાને** સોંગદપર તપાસેલા છે. તેઓ પોત પોતાના પુરાવામાં જણાવે છે કે, પોલીસે તેમને મામલતદાર

ઓફીસમાં મોરવા(હ) તથા મોરવા(હ) પો.સ્ટે.માં પંચમાં રહેવા માટે બોલાવેલો. તેઓ સાંજે મામલતદાર કચેરીએ પંચમાં રહેવા ગયેલા અને બે પંચો સીવાય મામલતદાર કચેરીમાં કોઈ ન હતુ. મામલતદાર સાહેબ ચેમ્બરમાં હતા. ઓળખ પરેડના પંચ તરીકે તેમને મામલતદાર કચેરીએ હાજર રાખેલા. ત્યા સાહેદ હીતેશભાઈ ખાંટનાઓએ ઓળખ પરેડના પંચનામા વખતે આરોપીને ઓળખી બતાવેલા. તેનુ નામ શું હતુ તેની તેમને ખબર નથી અને આ પંચનામામાં પંચ તરીકે તેમની સહી લીધેલી અને બીજા પંચનામા વખતે પોલીસે તેમને મોરવા(હ) પો.સ્ટે. બોલાવેલો. તે વખતે તેમની સાથે બીજા પંચ જગદીશભાઈ શંકર ભાઈ નાઓ હાજર હતા. પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહીઓ કરાવેલી. વધુમાં અનુક્રમે આંક–૧૫, ૧૬ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં તથા ઓળખ પરેડના પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, એવુ બનેલ નથી કે, પંચનામા દરમ્યાન કોઈ ઈસમ હાજર હોય તેનુ નામઠામ પુછી અને તેવા કોઈ ઈસમે કોઈ જગ્યા બતાવેલી હોય તે જગ્યા જોઈ તેનુ વર્ણન પંચોએ પંચનામામાં લખાવેલ હોય. તેમજ ત્યારબાદના પંચનામામાં કોઈ ચારેક વ્યકિતઓને પંચનામા દરમ્યાન બોલાવેલા હોય અને તેઓના નામઠામ પંચનામામાં લખી અને ત્યારબાદ કોઈ સાહેદ ધ્વારા આરોપીની ઓળખ કરાવેલ હોય અને સાહેદે તે આરોપીને ઓળખી બતાવેલ હોય તેવુ કથન કરેલ છે.

આ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે. ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બંને પંચનામાં પોલીસે લખેલા હતા, તેઓ ત્યાં ચુપચાપ ઉભો હતો અને પોલીસ તેની કામગીરી કરતી હતી, તેમને ઓળખ પરેડના પંચનામા વખતે મામલતદાર પાસે ઉભા રખાવેલ અને ત્યાં સહી લીધેલી, તેમને પંચનામુ વાંચી સંભળાવેલ નથી. બંને પંચનામાં તેમને જાતે વાંચેલા નથી.

**૧૯.** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૧ થી રજુ મો.સા. કબજે કર્યાના પંચનામા પંચને

**આંક–૨૦ થી સાહેદ નં.૪ તરીકે પંકજકુમાર બલુભાઈ બારીયાને** સોંગદપર તપાસવામાં આવેલા છે. તેઓએ જણાવેલ છે કે, સને ૨૦૧૭ માં ચોરી થઈ તે પછી પોલીસે લખેલા કાગળમાં તેમની સહી કરાવેલી. પોલીસે જે ચોરી થયેલી હતી તે ચોરી સમયે ચોર લોકો જે મોટર સાયકલ ફેકીને ભાગી ગયા હતા તે મોટર સાયકલ બાબતે સહી કરાવેલી. મોટર સાયકલ ટીવીએસ અપાચે કંપનીનુ હતુ. અપાચે બાઈક લાલ કલરની હતી. જેનો રજીસ્ટ્રેશન નંબર હાલ તેમને યાદ નથી. આ મોટર સાયકલ વાગનાળા નદી પાસે પડેલી હતી. પોલીસે મોટર સાયકલના એન્જીન અને ચેસીસ નંબર જોઈને પંચનામામાં લખેલા અને ત્યારબાદ તેમની સહી લીધેલી. બીજી મોટર સાયકલ પણ ટીવીએસ અપાચે જ હતી પણ તેનો કયો કલર હતો તે તેમને યાદ નથી. પોલીસે આંક–૨૧ થી રજુ મો.સા. કબજે કર્યાના પંચનામામાં તેમની પંચ તરીકે સહી લીધેલી છે.

આ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે. ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, ચોરી થયેલી હોવાની જાણ થતાં ખબર અંતર પુછવા માટે ગયેલા હતાં, બાઈક ફેકીને જતાં રહેલા હોવાની હકીકત તેમના સબંધીએ તેમને જણાવેલી હતી, આ બાઈક કોણ ફેકીને જતું રહેલુ તે અંગે તેમને કોઈ જાત માહીતી નથી, તેમના સબંધીએ ચોરી થયેલ હોવાનું જણાવતાં તૈયાર પંચનામામાં સહી કરેલી.

**૨૦.** ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૨૩ થી રજુ આરોપીને અટક કરી સોના ચાંદીના દાગીના કબજે કર્યાના પંચનામાના પંચ તથા આંક–૨૪ થી રજુ કલમ–૨૭ મુજબના પંચનામાના પંચને ફરીયાદપક્ષે **આંક–૨૨ થી સાહેદ નં.૫ તરીકે રમણભાઈ બળવંતભાઈ બારીયાને તથા આંક–૨૬ થી સાહેદ નં.૬ તરીકે શંકરભાઈ રતનાભાઈ બારીયાને** સોંગદપર તપાસ ેલા છે. તેઓએ જણાવેલ છે કે, આશરે ત્રણ ચાર વર્ષ પહેલા મોરવા પોલીસે તેમને મોરવા પો.સ્ટે. બોલાવેલો. તેમને ચંદુભાઈને ત્યાં ચોરી થઈ હતી તે અંગે પુછેલુ. તે પછી તેઓ કોઈ જગ્યાએ ગયો હોય તેવુ બનેલ નથી. વધુમાં જણાવેલ છે કે, એવુ કાઈ બનેલ નથી કે, તેમની હાજરીમાં કોઈએ ચોરી વાળી જગ્યા બતાવેલી હોય અને તે જગ્યા જોઈ તપાસી પોલીસે તેનુ લખાણ કરી

તે પંચનામામાં મારી સહી લીધેલી હોય કે તેમની રુબરુ પંચનામા દરમ્યાન કોઈ મુદ્દામાલ કબજે કર્યો હોય તેવુ પણ બનેલ નથી. વધુમાં જણાવેલ છે કે, એવુ કાઈ બનેલ નથી કે, તેમની રુબરુ એવુ કોઈ પંચનામુ કરવામાં આવેલુ હોય કે જેમાં કોઈની પાસેથી જડતી તપાસ દરમ્યાન કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલો હોય અને તે અંગેનુ પંચનામુ લખી તેમની સહી લેવામાં આવેલી હોય. અનુક્રમે આંક–૨૩, ૨૪ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં વેલ્યુએબલ મુદ્દામાલ આર્ટીકલ નં.૨/૨૨ સોનાની ચેઈન પેંડલ સાથેની તથા મહાલક્ષ્મી જવેલર્સનાઓએ સદરહુ ચેઈન તપાસી આપેલ સર્ટી. જે પોલીસે તેમની રુબરુ લીધેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં વેલ્યુએબલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૨/૨૨ માંથી નીકળેલ પંચની સહીવાળી કાપલીમાં તેમની સહી ઓળખી બતાવે છે જે આંક–૨૫ થી રજુ છે તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ થી ૬ જે પાંચ જોડી ચપ્પલો તેમની રૂબરૂ કબજે કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. સદર પંચ સાહેદોની બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે તે જોવામાં આવે તો તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે, તેમને તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી તે સીવાય તેઓ કાંઈ જાણતા નથી.

ઉપરોકત પંચનામાના પંચ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી પરવાનગી મળતાં ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં ફરીયાદપક્ષનાં ઉપરોકત પંચનામાની હકીકતને સમર્થન પ્રાપ્ત થતું નથી. જયાં સુધી આંક–૨૩ નું પંચનામુ છે તે મોરવા(હ) પોલીસ ધ્વારા આરોપી વિજયભાઈ દીપાભાઈનો કબજો મેળવેલ. ત્યાર બાદ તેણે આપેલ માહીતી અન્વયે કલમ–૨૭ મુજબ મુદ્દામાલ ડીસ્કવરી અંગેનુ પંચનામુ છે પરંતુ આરોપી કોઈ જગ્યાએ લઈ ગયેલ હોય અને ત્યાંથી તે મુદ્દામાલ રકમ ડીસ્કવર કરી આપેલ હતુ તેવુ લેશ માત્ર કથન કરેલ નથી ત્યારે આંક–૨૪ ના ડીસ્કવરી પંચનામાની હકીકત પણ પુરવાર થતી નથી.

**૨૧.** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે પોલીસ સાહેદોને તપાસેલા છે. જે પૈકી ફરીયાદ પક્ષે **આંક-૪૪ થી પોલસ સાહેદ નં.૧૫ શંકરભાઈ સવસીગભાઈ પલાસ** સોંગદપરના પુરાવામાં જણાવે છે કે, તા. ૧૭/૧૧/૧૭ ના રોજ તેઓ મોરવા(હ) પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતો. તે દરમ્યાન પો.સ્ટે.ના પી.એસ.આઈ. શ્રી. આર.ડી.ભરવાડ સાહેબ રુબરુ ફરીયાદી હીતેશભાઈ ચંદુભાઈ ખાંટએ પોતાની ફરીયાદ હકીકત લખાવતા તેઓએ ફરીયાદી ની ફરીયાદ લખી લઈ તેમની તરફ ગુનો રજીસ્ટર કરવા સારુ મોકલતા ફરીયાદ પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં.૬૧/૧૭ ઈ.પી.કો. કલમ-૩૯૫ મુજબ રજીસ્ટર કરી આગળની તપાસ પી.એસ. આઈ. શ્રી. આર.ડી.ભરવાડ સાહેબને ડેપ્યુટ કરેલ. અનુક્રમે આંક-૪૫, ૪૬ થી રજુ ડેપ્યુટ યાદી તથા સુચીપત્રમાં તેમની સહી ઓળખી બતાવે છે. સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરેલ છે. ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, આ કામે ગુનો રજીસ્ટર કર્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી, તેમના ઉપલા અધિકારીએ ફરીયાદ લખેલી હોય અને તેમના તરફ મોકલવામાં આવતા આ કામે ગુનો રજીસ્ટર કરેલો તથા સુચીપત્ર તૈયાર કરી ડેપ્યુટ કરેલો તેવુ કથન કરેલ છે.

૨૨. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક-૪૭ થી સાહેદ નં.૧૬ તરીકે ત.ક.અ.શ્રી રાકેશકુમાર ડાહ્યાભાઈ ભરવાડ** સોંગદપરના પુરાવામાં જણાવે છે કે, તા.૧૭/૧૧/૧૭ ના રોજ પી.એસ.આઈ. તરીકે મોરવા(હ) પો.સ્ટે.માં ફરજ બજાવતો હતો. ત્યારે તેમની રુબરુ ફરીયાદી હીતેશભાઈ ચંદુભાઈ ખાંટ રહે. વેજમા, તા. મોરવા(હ), જી.પંચમહાલનાઓએ આપેલી ફરીયાદ લખી લઈ ગુનો રજીસ્ટર થવા સારુ મોરવા(હ) પો.સ્ટે.ના પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ તેઓએ સદરહુ ફરીયાદ પો.સ્ટે.ના ફ.ગુ.ર.નં. ૬૧/૧૭ ઈ.પી.કો. કલમ-૩૯૫ મુજબ રજીસ્ટર કરી આગળની તપાસ તેમના તરફ ડેપ્યુટ કરતા તપાસ સંભાળી લીધેલી. વધુમાં જણાવેલ છે કે, તપાસ સંભાળ્યા બાદ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબ લીધેલા તથા સાયન્ટીફીક ઓફીસરને સ્થળ

પર બોલાવી સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરાવેલો અને અહેવાલ તપાસના કામે સામેલ રાખેલ તથા તેઓએ આપેલ સુચનો મુજબની કાર્યવાહી કરેલી. સ્થળ ઉપર ફીંગરપ્રીન્ટ એકસપર્ટને બોલાવી સ્થળ પરીક્ષણ કરાવેલુ તથા આ ગુનાના કામે ફરીયાદમા જણાવેલ વર્ણનવાળી મોટર સાયકલ અજાણ્યા ઈસમો વાગનાળા ખાતે જંગલમાં છોડી ભાગી ગયેલા હોય પંચો રુબરુ વિગતવારનુ પંચનામુ કરી મોટર સાયકલ પંચનામા અર્થે કબજે લીધેલી તેમજ સદર બનાવવાળી જગ્યા દાહોદ જીલ્લાના રણધીકપુર પો.સ્ટે.ના હદની લાગતી હોય પંચનામુ કરી રણધીકપુર પો.સ્ટે. ખાતે ક્રાઈમ મુદ્દામાલ પાવતી ફાડી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ. વધુમાં જણાવેલ છે કે, તા. ૧૬/૧/૧૮ ના રોજ આરોપી દીપાભાઈ ઉર્ફે દીલીપભાઈ પલાસ કાંઈક કહી બતાવવા માંગતા હોય પંચો સાથે રાખી તેમને બતાવ્યા મુજબની જગ્યાએ ગયેલા તથા મળી આવેલ મુદ્દામાલ કબજે કરેલો અને તે અંગેનુ પંચનામુ કરેલુ તથા તા.૧૭/૧/૧૮ ના રોજ આરોપી વીજયભાઈ દીપાભાઈ પલાસનુ મેજીસ્ટ્રેટ રુબરુ ઓળખ પંચનામુ તેઓએ કરી તેના દસ્તાવેજો તેઓને સોપતા તપાસના કામે સામેલ રાખેલ તથા ગુનાના કામે ઈ.પી.કો. કલમ ૧૨૦(બી) નો ઉમેરો કરવા મહે.જયુડી.મેજી. ફ.ક.સાહેબશ્રી, મોરવા(હ)નાઓને તા. ૧૫/૧/૧૮ ના રોજ યાદી કરેલી. વધુમાં જણાવેલ છે કે, આરોપી વીજયભાઈ દીપાભાઈ પલાસ તથા આરોપી દીપાભાઈ ઉર્ફે દીલીપભાઈ નાનીયાભાઈ પલાસ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ દાખલ કરેલ. તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ વાળી ચેઈન, આર્ટીકલ નં. ૨ થી ૬ ના મુદ્દામાલ પંચો રુબરુ કબજે લીધેલા. તેઓએ સાયન્ટીફીક ઓફીસરનો સ્થળ તપાસણી અહેવાલ,ફીંગરપ્રીન્ટ એક્સ્પર્ટને સ્થળ પર બોલાવી સ્થળ તપાસણી કરી અહેવાલનો રીપોર્ટ, પી.એસ.ઓ. રણધીકપુર પો.સ્ટે. નાઓને મુદ્દામાલ પાવતી ફાડવા બાબતે લખેલી યાદી, આરોપી વીજયભાઈ દીપાભાઈ ઉર્ફે દીલીપભાઈ પલાસની ઓળખ પરેડ માટે એકઝી.મેજી.શ્રી મોરવા(હ)નાઓને લખેલી યાદી, મહાલક્ષ્મી જવેલર્સના પ્રોપરાઈટર પાસેથી દાગીના ચેક કરાવી તે અંગે ખરાઈ કરી કીંમત અંગે આપેલ લખાણ, આર.ટી.ઓ. પાસેથી વાહન નં. જી.જે.૧૭.બી.ઈ.૩૨૨૨ નો ઈ – ગુજકોપ

ધ્વારા મેળવેલ રીપોર્ટ, મોરવા(હ)ના મહે. જ્યુ.મેજી. ફ.ક.સાહેબશ્રીને ગુનાના કામે ઈ.પી.કો. કલમ ૧૨૦(બી) મુજબનો ઉમેરો કરવા લખેલી યાદીને તપાસના કામે સામેલ રાખેલ જે અનુક્રમે આંક–૪૮ થી આંક–૫૪ સુધી રજુ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષ ધ્વારા સાહેદોનાં પુરાવામાં જે હકીકતો ઓમીશન રૂપે રજુ થયેલ ન હતી તે અંગે જણાવેલ છે તેમજ હાજર આરોપીઓને પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ લીધેલ છે જેમા કોઈ વિપરીત હકીકત આવેલ નથી.

૨૩. ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૬૧ થી સાહેદ નં.૧૭ ત.ક.અ.શ્રી. જેસુભાઈ નાથાભાઈ પરમારને** સોંગદપર તપાસેલા છે. તેઓએ જણાવેલ છે કે, તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજ પો.સ.ઈ તરીકે મોરવા(હ) પો.સ્ટે માં ફરજ બજાવતા હતા ત્યારે પો.સ્ટે ના ગુ.ર.નં. ૬૧/૨૦૧૭ ના ગુનાની તપાસ પો.સ્ટે ના પી.એસ.આઈ શ્રી.આર.ટી.પરમાર પાસે થી તપાસ સંભાળેલી. તપાસ સંભાળ્યા બાદ આરોપી અર્જુનભાઈ નવાભાઈ પલાસ તથા વિનુભાઈ ગલીયા ભાઈ પલાસ નાઓ ની અટક કરેલી તથા આ ગુના ના આરોપી શંકરભાઈ રામસિંગભાઈ પરમાર ની તા. ૦૭/૦૨/૨૦૧૯ ના રોજ અટક કરેલી તથા સુનીલભાઈ જોરસિંહભાઈ બારીઆની આ ગુનાના કામે અટક કરવામા આવેલી અને આ તમામ આરોપીઓ વિરુદ્ધ તપાસના કાગળો જોતા પુરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી. આ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ લીધેલ છે જેમા કોઈ વિપરીત હકીકત આવેલ નથી.

૨૪. આમ, ઉપરોકત વિગતે સદરહુ તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોવામાં આવે તો માત્ર ફોર્મલ પ્રકારનો છે. તેઓએ બનાવની ચોકકસ હકીકતોનું વર્ણન કરેલ નથી. વધુમાં ફરીયાદી તથા અન્ય સાહેદોનાં મૌખીક પુરાવામાં જે હકીકતો તેઓએ જણાવેલ ન હતી તે ઓમીશનનાં ભાગરૂપે તેમની સરતપાસમા લેવડાવવામાં આવે છે. પરંતુ, જયારે તે સાહેદોએ જ તે હકીકત કોર્ટ સમક્ષની સોગંદપરની સરતપાસમાંજ જણાવેલ ન હોય ત્યારે તપાસ કરનાર અધિકારીનાં તે પુરાવાનો કોઈ અર્થ રહેતો નથી કે માત્ર તે આધારે આરોપી સામેનો આક્ષેપ પુરવાર થયેલા ગણી શકાય નહી. વધુમાં સદરહુ આરોપીઓને સીધો કે આડકતરી રીતે હાલના

ગુનાની સાથે સાંકળી શકે તેવો કોઈ પુરાવો આ સાહેદોના મૌખીક પુરાવામાં આવેલ નથી. વધુમાં તેઓએ જે પંચનામામાં આરોપીઓને અટક કરતી વખતે કરેલ હતા તેમા પણ હાલના આરોપીઓને આ ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો આવેલ નથી.

હાલના કામે ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાનીથી કહેવાતો લૂંટનો બનાવ બનેલ હોવાનું ફલિત થાય છે પરંતુ તે બનાવમાં હાલના આરોપીઓ સામેલ હોવાનો કોઈ સાહેદ જુબાનીમાં જણાવતા નથી કે ઓળખી બતાવતા નથી. આ કામે ઓખળપરેડ પંચનામું રજુ થયેલ છે પરંતુ પંચ સાહેદોએ આરોપીના ઓળખ પરેડના પંચનામાને સમર્થન કરેલ નથી. આ કામે હાલના આરોપીઓ વિરુધ્ધનું કોઈ પંચનામું રજૂ કરવામાં નથી. આ કામે કહેવાતો લૂંટનો બનાવ બનેલ છે પરંતુ તે બનાવમાં હાલના આરોપીઓ સામેલ હોવાનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવા ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેવુ આ અદાલતનું માનવું છે.

વધુમાં આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવો જોતાં તેમજ બંને પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી. આ કામે બનાવના દિવસે કહેવાતો લૂંટનો બનાવ બનેલો હોવાનું ફલિત થાય છે પરંતુ આ લૂંટના બનાવમાં હાલના આરોપીઓ સામેલ હોવાનો લેશમાત્ર પુરાવો મળી આવતો નથી. હાલના આરોપીઓ પાસેથી લૂંટનો કોઈ મુદ્દામાલ રીકવર થયેલ નથી. આ કામે હાલના આરોપીઓનું ફરીયાદી કે સાહેદો રૂબરૂ ઓળખપરેડ પંચનામું થયેલ છે પરંતુ ઓળખ પરેડના પંચોએ હાલના આરોપીઓની મામલતદાર મારફતે ઓળખપરેડ કરવામાં આવેલ હોવાનો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજૂ કરેલ નથી. બનાવ સમયે અંધારું હોવાથી અને ચોર લૂંટારૂઓ મોંઢે રૂમાલ બાંધીને આવેલ હોય ફરિયાદી સહિત કોઈ સાહેદોએ લૂંટના બનાવમાં હાલના આરોપીઓ સામેલ હોવાનું ઓળખી બતાવેલ નથી. હાલના આરોપીઓ આ લૂંટના બનાવમાં સામેલ હોવાનો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય હાલના આરોપીઓએ આ લૂંટના બનાવમાં કોઈ ચીજવસ્તુની લૂંટ કરેલ હોય કે તેઓ પાસેથી

કોઈ લૂંટનો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ હોય કે કોઈ સાહેદે હાલના આરોપીઓને એકઝી. મેજીસ્ટ્રેટ સમક્ષ ઓળખી બતાવેલ હોય તેવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં આરોપીઓને ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં આ કામે ફરિયાદી તથા અન્ય સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેમજ હાલના આરોપીઓની ગુનામાં સંડોવણી હોવા બાબતનો કોઈ પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ ન હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ, આ કામના આરોપીઓ સામે આક્ષેપીત મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**૨૫.** હવે આરોપીઓ સામે જે આક્ષેપો કરવામાં આવેલ છે તે અંગે કાયદાકીય ચર્ચા કરવામાં આવે તો તે નીચે મુજબ છે.

- **ઈ.પી.કો.ની કલમ–૩૯૫ :–**

ઈ.પી.કો.ની કલમ–૩૯૫ ના ગુના સંદર્ભે જે આવશયક તત્વો છે તે જોવામાં આવે તો ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવાની થાય છે કે,

– આરોપીએ લૂંટ કરી અથવા લૂંટ કરવાની કોશીષ કરી અથવા લૂંટ કરવા સમયે તેની અપરાધિક હાજરી હતી અથવા લૂંટ કરવામાં સહાય કરી અથવા લૂંટ કરવામાં સહાય કરવાની કોશીષ કરી,

– આવો ગુનો કરવા સમયે આરોપીઓની સંખ્યા કુલ મળીને પાંચ અથવા તેથી વધારે હતી,

આમ, ફરીયાદપક્ષ આરોપીઓ ધ્વારા ઉપરોકત કાયદાકીય જોગવાઈ મુજબનુ ગુનાહીત કૃત્ય કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં સદંતર રીતે નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં ઈ.પી.કો.ની કલમ–૩૯૫ ના તત્વો પુરવાર થતાં ન હોય જેથી તે મુજબનો ગુનો બનેલ હોવાનુ પુરવાર થતું નથી.

- **ઈ.પી.કો.ની કલમ–૧૨૦(બી) :–**

આ કામના આરોપીઓ સામે ગુનાહીત કાવતરુ રચીને ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. તે સંદર્ભે '' ગુન્હાહિત કાવતરા'' ની વ્યાખ્યા ઈ.પી.કો.ની કલમ–૧૨૦(એ) મા કરવામાં આવેલ છે જેના નીચે મુજબના તત્વો છે.

– બે કે તેથી વઘુ વ્યકિતની સામેલગીરી.

– કોઈ ગેરકાનુની કૃત્ય અથવા ગેરકાનુની ન હોય તેવુ કૃત્ય ગેરકાનુની રીતે કરવા અથવા કરાવવા માટે સહમતી.

હાલના કેસમા આ અંગે ચર્ચા કરવામાં આવે તો ફરીયાદપક્ષ ઘ્વારા કોઈ પણ સાહેદોના પુરાવામા કે તે સંદર્ભેના કોઈ પણ સાંયોગીક પુરાવામા કોઈપણ આરોપીઓએ ગેરકાનુની કૃત્ય કરવા માટે ગુનાહીત કાવતરુ રચેલ હોવાની હકીકત પુરવાર થતી નથી તેમજ જે ગુનાહીત કૃત્ય કરેલ હોવાનું ફરીયાદપક્ષે આરોપીઓ સામે આક્ષેપ કરેલ છે તે ગુનાહીત કૃત્યની હકીકત પણ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે તે સંજોગોમાં આ કામના આરોપીઓએ ગુનાહીત કાવતરુ રચેલ હોવાની હકીકત આપોઆપ પુરવાર થતી નથી.

આ સંજોગોમાં કાયદાકીય જોગવાઈ જોતાં અને તેની સાથે રજુ થયેલ પુરાવાની હકીકત ઘ્યાને લેતા ફરીયાદપક્ષ હાલનાં આરોપીઓ સામેનો એક પણ તહોમત પુરવાર કરી શકેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત સમગ્ર પુરાવો જોતાં આ કામે ફરીયાદી, સાહેદોએ તથા પંચ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ ન હોય તેમજ હાલનાં આરોપીઓની ગુનામાં સંડોવણી હોવા બાબતનો કોઈ પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ ન હોય તે સંજોગોમાં ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા મુજબ ફરીયાદપક્ષ મુદૃા નં.૧ ની હકીકત પુરવાર કરી શકેલ ન હોય તેનો જવાબ '**નકારમાં**' આપવામાં આવે છે. જેથી મુદૃા નં.ર સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ ન્યાયનાં હિતમાં કરવામાં આવે છે.

## – : આખરી હુકમ : –

**૧.** આ કામના આરોપીઓ નં. ૧ વિજયભાઈ દીપાભાઈ પલાસ, નં.૨ લીલેશભાઈ ભારતભાઈ પલાસ, બંને રહે. રહે.આમલી ખજુરીયા, તા.ગરબાડા,જી.દાહોદ. નં.૩ સુનીલભાઈ જોરસીગભાઈ બારીયા રહે. વડવા મેલા ફળીયુ, તા.ગરબાડા, જી.દાહોદ. નં.૪ અર્જુનભાઈ નવાભાઈ પલાસ, નં.૫ વિનુભાઈ ગલીયાભાઈ પલાસ, બંને રહે. અંબાલી ખજુરીયા, તા.ગરબાડા,જી.દાહોદ. નં.૬ શંકરભાઈ હીમસીગભાઈ પરમાર, રહે. કાંટુ, નિશાળ ફળીયુ, તા.ધાનપુર, જી.દાહોદ. નં.૬ દીપાભાઈ ઉર્ફે દીલીપભાઈ નાનીયાભાઈ પલાસ રહે. અંબાલી ખજુરીયા, તા.ગરબાડા,જી.દાહોદ નાઓને ભારતીય દંડ સંહીતા ૧૮૬૦ ની કલમ – ૩૯૫, ૧૨૦(બી) મુજબના ગુના સંદર્ભે ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૩૫(૧) ની જોગવાઈ વંચાણે લેતા તમામ આરોપી ઓને **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓના ટ્રાયલ માટે જો કોઈ જામીન ખત રજુ કરેલ હોય તો તે જામીનખત રદ કરવામાં આવે છે.

**૩.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે પ્રત્યેક આરોપીએ રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપીયા પચ્ચીસ હજાર) ના જાત મુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

**૪.** આ કામમાં મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરેલ ચપ્પલ જોડ નંગ–૫ વાળા આર્ટીકલો અપીલ સમય પુરો થયેથી અને જો અપીલ થયેલ હોય તો તેના આખરી નિકાલને આધીન કાયદાકીય જોગવાઈ તથા ક્રિમિનલ

મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જયારે આરાપીઓ પાસેથી કબજે કરેલ મુદ્દામાલ સોનાની ચેઈન તથા મો.સા. નં.જી.જે.૭–બી.ઈ.૩૨૨૨, મો.સા.નં.જી.જે.૬–સી.આર. ૭૬૧૮ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો તેનો કોઈ વચગાળાનો હુકમ થયેલ ના હોય તો અપીલ સમય બાદ તેની માલીકીની ખરાઈ કરીને યોગ્ય માલીકી ધરાવનાર વ્યકિતને સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ માલીક મળી ન આવે તો વેલ્યુબલ મુદ્દામાલ સરકાર જમા કરવો જયારે નોન વેલ્યુબલ મુદ્દામાલનો નાશ કરવો.

**૫.** આ ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ આ સાથેના સેશન્સ કેસ નં.૧૩૦/ /૨૦૨૨ તથા કેસ નં.૧૩૧/૨૦૨૨ તથા કેસ નં.૪૯/૨૦૨૩ ના કામમાં સામેલ રાખવી.

**૬.** ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૫ મુજબ આ ચુકાદાની એક નકલ જિલ્લા મેજી.શ્રી, પંચમહાલ, ગોધરાને ઈ–મેઈલથી અથવા યાદીથી મોકલી આપવી.

હુકમ આજ તારીખ ૨૧/૦૩/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૧/૦૩/૨૦૨૫
ગોધરા.

**(પરવેઝએહમદ અલીમોહંમદ માલવીયા)**
પાંચમાં એડીશનલ સેશન્સ જજ
પંચમહાલ,ગોધરા.
**કોડ નં.જીજે.૦૦૮૩૭**

*Chimaji.